# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-05-2025** **Day:** Friday **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## શાળા પ્રવાસમાં પોલીસ સાથે રાખવા નિર્ણય

ગુજરાતમા શાળાઓ દ્વારા કરવામાં આવતા શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષા અને પોલીસ-વિદ્યાર્થીઓ વચ્ચે સેતુ બંધાય તે હેતુથી બે પોલીસકર્મીઓને વિદ્યાર્થીઓ સાથે રાખવાનો નિર્ણય કરાયો છે. જો પ્રવાસમાં વિદ્યાર્થીનીઓ સામેલ હોય, તો મહિલા પોલીસકર્મીઓ સાથે રાખવામાં આવશે. . પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી ડીજીપી-આઈજીપી કોન્ફરન્સ-2024 દરમિયાન પ્રધાનમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા આપવામાં આવેલા સૂચનોને પગલે, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે મહત્વનો નિર્ણય જાહેર કર્યો છે.

-----------------------------------------------------------------------------------

## મોકડ્રીલ

કેન્દ્રના ગૃહ મંત્રાલયના આદેશથી ગુજરાત સહિતના સરહદી રાજ્યોમાં આવતીકાલે મોકડ્રિલનું આયોજન કરાયું છે, ત્યારે રાજ્યના અન્ય જિલ્લાઓની સાથે કચ્છમાં પણ ભુજ સ્થિત સ્મૃતિવન મ્યુઝિયમ એન્ડ મેમોરિયલ ખાતે  સાંજે સાડા પાંચ વાગ્યે નાગરિક સંરક્ષણ મોકડ્રિલ યોજાશે. ઓપરેશન શિલ્ડ અંતર્ગત યોજાનારી આ મોકડ્રિલમાં સંભવિત: યુદ્ધની સ્થિતિમાં કઇ રીતે સુચારુ સંકલન સાધવું તે અંગે લોકોને જાગૃત કરાશે. રાત્રે આઠથી સાડા આઠ દરમિયાન સ્મૃતિવન અને તેની આસપાસના વિસ્તારમાં બ્લેકઆઉટ કરવામાં આવશે.  ઉલ્લેખનીય છે કે, 29મીના યોજાનારી મોકડ્રિલ મોકૂફ રાખી હતી અને તે આવતીકાલે યોજાશે.

-----------------------------------------------------------------------------------

## કોરોના: કચ્છનું આરોગ્ય તંત્ર સજ્જ

વિશ્વના અન્ય દેશોની સાથે ભારત તેમજ ગુજરાતમાં ફરી એકવાર કોરોનાના કેસો દેખાતાં થોડી ચિંતા ફેલાઇ છે. કોરોના સંક્રમણ સામે આગોતરી તકેદારી રાખવાના ભાગરૂપે કચ્છના આરોગ્ય વિભાગે કોરોના પરીક્ષણ માટે વધારાની 20,000 કિટ મંગાવાનો નિર્ણય કર્યો છે. આ માટે રાજ્ય સ્તરે દરખાસ્ત કરવામાં આવી છે. કચ્છના આરોગ્ય વિભાગ પાસે કોરોનાના પરીક્ષણ હેતુ 800 આરટીપીસીઆર અને 200 રેપિડ મળી 1000 કિટ ઉપલબ્ધ છે. જિલ્લા આરોગ્ય અધિકારીએ કહ્યું કે, કોરોના પરીક્ષણ લેબ પૂરતી સાધન સામગ્રી સાથે કાર્યરત છે. ભુજ જનરલ હોસ્પિટલ ઉપરાંત સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પૂરતા બેડ હાલ ઉપલબ્ધ છે. કચ્છમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી..

---------------------------------------------------------------------------------------

## માંડવીના વતની: સર્વોચ્ચ અદાલતમાં જજ

કચ્છ માંડવીના વતની નિલયભાઈ અંજારિયાએ આજે સર્વોચ્ચ અદાલતના ન્યાય મૂર્તિ તરીકે પદભાર સંભાળી લીધો છે.  નવી દિલ્હીમાં યોજાયેલા એક સમારોહમાં મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઈએ એમને  હોદા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.  તેમની જોડે બે અન્ય ન્યાય મૂર્તિઓએ પણ શપથ લીધા હતા. આ પ્રસંગે શ્રી અંજારિયા પરિવારના સભ્યો તેમજ ભુજ અને માંડવીના વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છમાંથી આવું બહુમાન મેળવનાર શ્રી અંજારિયા પ્રથમ ન્યાયવિદ છે.

---------------------------------------------------------------------------------------

## ગાંધીનગર: ઓબેસીટી ક્લિનીક

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રાજ્યનું પ્રથમ ઓબેસીટી ક્લિનીક શરૂ કરાયું છે. સિવિલના વોર્ડ નંબર 14માં આ ક્લિનિક શરૂ કરાયા પછી અત્યાર સુધીમાં 569 દર્દીઓનું વજન તથા મેદસ્વી શ્રેણી તપાસીને જરૂરી સારવાર તથા માર્ગદર્શન અપાયું છે. મેડિકલ ઓફિસર દ્વારા દર્દીની તપાસ, હિસ્ટ્રી ચકાસી જરૂરી રીપોર્ટસ બાદ જરૂરીયાત મુજબ ફિઝીશીયન,

પીડીઆટ્રીશીયન, જનરલ સર્જરી વિભાગ, સાયકીઆટ્રીસ્ટ, ગાયનેકોલોજીસ્ટ દ્વારા તપાસ તથા માર્ગદર્શન આપવામાં આવે છે..

---------------------------------------------------------------------------------

## નમો જનસેવા કેન્દ્ર: માંડવી

શાળા, કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ રહી છે, ત્યારે વિદ્યાર્થીઓને જાતિ, આવક, અનામત સહિતના પ્રમાણપત્રોની જરૂરત પડે છે. આ તમામ સગવડો વિદ્યાર્થીઓને નિ:શુલ્ક મળી રહે તે માટે માંડવી મામલતદાર કચેરીની સામે નમો જનસેવા કેન્દ્ર પ્રારંભ કરાયું છે. મસ્કાના પૂર્વ સરપંચ કીર્તિભાઇ ગોર દ્વારા શરૂ કરાયેલા આ જનસેવા કેન્દ્ર અંગે તેમણે જણાવ્યું કે શાળાઓ-કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે, ત્યારે વિવિધ પ્રકારના પ્રમાણપત્ર મેળવવા વિદ્યાર્થીઓ તથા વાલીઓને આર્થિક નુકસાની વેઠવી ન પડે અને તેમનું કામ સરળતાથી પૂર્ણ થાય, શિક્ષણમાં પણ વિદ્યાર્થીઓને પ્રેરણા મળે તે હેતુથી આ નિ:શુલ્ક કાર્ય શરૂ કરાયું છે.

---------------------------------------------------------------------------------

## વેલસ્પન કંપની આગ

અંજાર નજીક આવેલી વેલસ્પન કંપનીના કોટન પ્લાન્ટમાં અચાનક આગ લાગી હતી. ગાંધીધામ મહાનગરપાલિકા સહિતનાં 8 ફાયર ફાઈટર આગને કાબૂમાં લેવા કવાયત હાથ ધરી છે. આગની ગંભીરતા અને ફેલાવાના જોખમને ધ્યાનમાં રાખીને ફાયર ફાઇટરો અને વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે..

---------------------------------------------------------------------------------

## હજયાત્રા

હજયાત્રા માટે જનારા યાત્રીઓએ હજ સફરની તૈયારીઓ આરંભી દીધી છે. તબક્કાવાર કેટલાક હાજીઓ હજ કમિટી મારફતે મક્કા-મદીનાની હજ સફરે રવાના થશે. આ વખતે 650

હજયાત્રીઓ ગુજરાત હજ કમિટી મારફતે જશે. અત્યાર સુધી 250 હજ ઇચ્છુકો પહોંચી ગયા છે અને આવતીકાલે વધુ 400 હજયાત્રીઓ સફર પર રવાના થશે..

---------------------------------------------------------------------------------------------